જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૨/૦૬/૨૦૧૮ મંગળવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૦૯૯/૧૮**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૧ કેસ કરી, ૨૦ વ્યક્તિઓને ઝડપી, ૩૩૭ લીટર દેશી દારૂ, ૨૦૫ બોટલ ઇંગ્લીશ દારૂ, ૧ કાર અને ૨ સ્કૂટર કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૫ કેસ કરી ૨૮ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૩,૩૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૧૦૦/૧૮**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૨૬૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ચોરી :-** **સમાચાર યાદી નં.૧૧૦૧/૧૮**

**કારંજ** : મીનાબહેન રાજેશભાઇ સાગઠિયા (રહે,રોહીદાસપરા મોરબી રેલ્વે સ્ટેશન પાછળ તા.જી.મોરબી) એ કારંજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૧/૦૬/૧૮ ના કલાક ૧૧/૦૦ થી ૧૧/૩૦ વાગ્યા દરમ્યાન રૂપાલી ચોકી જીલ્લા પંચાયત થી બહુચર માતાના મંદીરની વચ્ચે આવેલ કુકાનની અંદરના ભાગે બે સ્ત્રીઓ (૨૦ થી ૩૦ વર્ષના આશરાની) એ મીનાબહેન સાગઠિયા પાસેની કપડાની થેલી કાપી, થેલીમાંથી રોકડ રૂપિયા ૭૧,૦૦૦/- ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એ.સી.બારૈયા ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુ :-** **સમાચાર યાદી નં.૧૧૦૨/૧૮**

**ગુજરાત યુનિવર્સીટીઃ** સન્નીભાઇ વિનોદચન્દ્ર પ્રજાપતી (રહે,મોટીપોળ કડીયાનાકા છેલ્લો ખાંચો દરીયાપુર) એ ગુજરાત યુનિવસીટી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૧/૦૬/૧૮ ના કલાક ૮/૧૫ વાગ્યાના સુમારે મેમનગર હેલ્મેટ સર્કલ સી.એન.જી.પેટ્રોલ પંપ આગળ એ.એમ.ટી.એસ બસ નંબર ૫૨/૨ ના ચાલકે બસ પુરઝડપે અને બેદરકારીથી ચલાવી સન્નીભાઇના મોટાભાઇ પવનની પલ્સર મોટર સાયકલને ટક્કર મારતા પવનને માથાના ભાગે ગંભીર ઇજાઓ થતા, તેમનું મૃત્યુ નિપજયુ હતુ. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી બી.જી.વસાવા ચલાવે છે.

**કૃષ્ણનગર** : બાબુભાઇ કાંતિભાઇ પરમાર (ઉ.વ.૫૦)(રહે,રોહિતવાસ મહાકાળી ચોક પાંજળાપોળ, ગામ-માણસા,તા-માણસા,જી-ગાંધીનગર) એ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૦/૦૬/૧૮ રાતના ૯/૦૦ વાગ્યાના સુમારે કૃષ્ણનગર હીરાવાડી બી.આર.ટી.એસ.સ્ટેન્ડ નજીક બી.આર.ટી.એસ બસ નંબર જીજે.૦૧.સી.ટી.૮૧૭૨ ના ચાલકે બસ પુરઝડપે અને બેદરકારીથી ચલાવી બાબુભાઇના ભત્રીજા રાહુલ ચુનીલાલ પરમાર (ઉ.વ.૨૪)(રહે, શાસ્ત્રીનગર આનંદ ફ્લેટ પાસે બાપુનગર) ને ટક્કર મારતા ગંભીર ઈજાઓ થતા તેમનું મૃત્યુ નિપજયુ હતુ. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એન.પી.મારૂ ચલાવે છે.

**આત્મહત્યા :-** **સમાચાર યાદી નં.૧૧૦૩/૧૮**

**ઘાટલોડીયાઃ** દિવ્યનીબેન દિનેશભાઇ દરજી (ઉ.વ.૨૪) (રહે. ગોપાલનગર રબારીવાસ સર્વોદય સ્કુલ રોડ કે.કે.નગર ઘાટલોડીયા) એ અગમ્ય કારણસર તા.૧૧/૬/૧૮ સાંજના ૫/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં સાડી બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ઘાટલોડીયા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.ઇ.શ્રી પી.એમ.ગામીત ચલાવે છે.

**નારણપુરાઃ** રમેશભાઇ ગોપાલભાઇ રાજપૂત (ઉ.વ.૪૭) (રહે. સાતમો વાસ નારણપુરા ગામ) એ અગમ્ય કારણસર તા.૧૧/૦૬/૧૮ સાંજના ૫/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે નારણપુરા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી અનિલકુમાર રામઆશરે ચલાવે છે.

**ચાંદખેડાઃ** રાહુલ સ/ઓ હરગોવનભાઇ પારેશ્વીયા (ઉ.વ.૨૫) (રહે. કુમ-કુમ રેસીડેન્સી સત્યમેવ હોસ્પીટલ પાછળ ચાંદખેડા) એ અગમ્ય કારણસર તા.૧૧/૦૬/૧૮ કલાક ૮/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં પ્લાસ્ટીકની દોરી બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મહેન્દ્ર ભગવાનરાવ ચલાવે છે.

**મણીનગરઃ** આરતીબહેન વા/ઓ સુમંતભાઇ ભારતી (રહે. રાધે ટાવર બલવાટીકા કાંકરીયા મણીનગર) એ અગમ્ય કારણસર તા.૧૧/૬/૧૮ કલાક ૧૨/૧૫ વાગ્યાના સુમારે પોતાના રહેણાંકના ત્રીજા માળેથી પડતુ મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે મણીનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એચ.આઇ.રબારી ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.